Registration No.: CC/ 215/2015
Filing No.: CC/ 215/2015
Filed On: 07/07/2015
Registered On : 07/07/2015
Decided on : 15/10/2018
Duration: dd/mm/yy

**IN THE COURT OF ADD.CHEIF MEETROPOLITAN MAGI.COURT NO.11 AT.AHMEDABAD**

**CRIMINAL CASE NO. 215 OF 2015.**

CC/ 215/2015 Exh.17

**Complainant**:

1. The state of Gujarat
( Rameshbhai Jayntibhai Kansara)

**VERSUS**

**Accused**:

1. Vijay alias Arvind Jain alias Prashant alias Aakash sharma alias Vishal Rameshwarpuri Goswami
Age: 34, Occupation: --
Reside At: C/o,Dinesh Chaudhary, Vaishnodevi colony, Opp.ATV tower,thana -Highway road, Dist.Mathura (U.P.)
Orignal Resi. DC Enterprise, Opp.Mahindra & Mahindra Co., Lalpur, Iutch, Dist.Udhamshinagar, Uttrakhand,and Shivlal ka pura, Near shiv temple, Dist.Muraina, (M.P.)
2. Ajay alias Aashutosh alias Abhay Rameshwarpuri Goswami
Age: 32, Occupation: --
Reside At: Fifath Centuary school road, Rameshpur mod,c/o, Sunil Radharani, Lalpur, Kitchha, Dist.Udhamshignagar, Uttrakhand,and
Shivlal ka pura, Thana civil lines, Dist.Murena, M.P.

Appearance :
Mr. Vyas A.P.P. For Complainant 1,
Ms. R. S . Dave Advocate For Accused 1 ,
Mr. H. G. Gandharv Advocate For Accused 2.

---

**ગુનો – ભારતીય દંડ સંહિતાની કલમ–૩૮૭,૫૦૭, ૧૨૦(બી) મુજબ.**

**–: J U D G E M E N T :–**

(૧) **ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે** આ કામના ફરિયાદી તથા શાહેદોને ગઇ તા.૦૪/૦૩/૧૫ ના રોજ તેમની સીજી રોડ ઉપર જય જવેલર્સ નામની દુકાન ઉપર હાજર હતા ત્યારે આરોપીઓએ એકબીજાના મેળાપીપણાંથી અગાઉથી કાવત્રુ રચી કલાક ૧૪.૩૫ થી ૧૫.૦૦ દરમ્યાન ફરિયાદીના મોબાઇલ નંબર તથા જવેલર્સની દુકાનના લેન્ડ લાઇન નંબર ઉપર વારંવાર ફોન કરી ધંધો કરેલ જે અંગે ફરિયાદીના મોબાઇલ નંબર ૯૩૨૭૦૦૪૦૭૧ ઉપર મો.નં. ૯૭૨૦૬૮૫૭૦૯ દ્વારા આરોપી વિશાલ ગોસ્વામીનાએ મોબાઇલ ફોન ઉપરથી ફોન કરી ફરિયાદીને જણાવેલ કે "તમે મને ઓળખો છો જેથી ના પાડતાં તેણે કહેલ કે હું વિશાલ ગોસ્વામી બોલુ છું અને મેં જ પ્રકાશ સોની ઉપર ફાયરીંગ કરી તેનું મર્ડર કરેલ છે જેની તમને ખબર હશે જેથી ફરિયાદ ગભરાઇ જઇ ફોન કાપી નાખેલ તે પછી ૮ થી ૧૦ વખત મોબાઇલ ફોન ઉપર જ ફોન કરતાં તે ફરિયાદીએ ઉપાડેલ નહીં તે પછી લેન્ડલાઇન ઉપર ફોન કરતાં તે મનોજભાઇ મિસ્ત્રી એકાઉન્ટન્ટે ઉપાડેલ જેથી તેણે ફરિયાદીને આપેલ ત્યારે કહેલ કે "શેઠ શું વિચાર્યુ પૈસા આપવાના છે કે પછી પ્રકાશ સોનીની જેમ ગોળી ખાવી છે ? તેમ કહી જણાવેલ કે જો તમારે જીવતા રહેવું હોય અને ધંધો કરવો હોયતો મને પ્રોટેકશન મની પેટે પચાસ લાખ રૂપિયા આપવા જ પડશે." તેમ કહેતાં ફરિયાદીએ કહેલકે મારી પાસે સગવડ નથી તે કહી ફોન કાપી નાખેલ. ત્યારબાદ ફરી લેન્ડલાઇન પર ફોન પર કરી કહેલ કે, "હું વિશાલ ગોસ્વામીનો ભાઇ અજય ગોસ્વામી બોલું છું. અમારી એક મોટી ગેંગ છે. શું કરવા મારા ભાઇ વિશાલનું મગજ ખરાબ કરો છો? જો તમારે શાંતિથી ધંધો કરવો હોયતો પ્રોટેકશન મની પેટે પૈસા આપવા પડશે નહીંતો અમે તમારી ઉપર કોઇપણ સમયે ફાયરીંગ કરીશું તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી ગંદી ગાળો બોલી અને થોડા સમય પહેલા પ્રકાશ સોની નામના વેપારીનું ખુન કરેલાનું જાણેલ હોઇ ગભરાઇ ગયેલ જેથી તે પછી ફરિયાદીએ વિચારીને જવાબ આપવાનું કહી ફોન મુકી દીધેલ તે પછી ફોન આવતા ફરિયાદીએ ઉપાડેલ નહી. આમ તે અંગેની ફરિયાદ ફરિયાદીએ કરતાં તે અંગે ડીસીબી પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૩૪/૧૫ નો ભારતીય દંડ સંહિતાની કલમ-૩૮૭,૫૦૭, ૧૨૦(બી) મુજબનો ગુનો દાખલ થયેલ જે અંગે ત.ક.અધિ. શ્રીએ ક્રિ.પો.કોડની કલમ-૧૭૩ (૨)તળે ચાર્જશીટ કરેલ છે.

(૨) આરોપીઓને સંમશ કાઢતાં આરોપીઓ જેલમાં હોઇ અને ક્રિપોકોડની કલમ-૨૬૮

તળે જેલમાં હોઇ તેમને ક્રિ.પો.કોડની કલમ–૨૦૭ તળે વિના મુલ્યે નકલો પુરી પાડયાની ખાતરી થતાં આંક.૩ થી તહોમતનામુ ફરમાવતા અને આંક.૪ અને ૫ થી પ્લી લેતાં ગુનો કર્યાનો ઈન્કાર કરતાં ફરિયાદપક્ષના પુરાવા પર મુલત્વામાં આવેલ.

(૩) ફરિયાદપક્ષે ફરિયાદ હકીકત પુરાવા કરવા સારૂ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે. જે નીચે મુજબ છે.

**મૌખિક પુરાવોઃ–**

| અનુ | આંક. | શાહેદનુ નામ |
|---|---|---|
| ૧. | ૦૮ | રમેશભાઇ જયંતિભાઇ કંસારા ફરિયાદીનો મૌખિક પુરાવો |
| ૨. | ૧૧ | જૈનીશ હર્ષદભાઇ જડીયાનો મૌખિક પુરાવો |
| ૩. | ૧૨ | દૈવિક રમેશભાઇ કંસારાનો મૌખિક પુરાવો. |
| ૪. | ૧૩ | કલ્પેશભાઇ રમણભાઇ સોનીનો મૌખિક પુરાવો. |
| ૫. | ૧૪ | રૂષીકેશ શાંતિલાલ ધોળકીયાનો મૌખિક પુરાવો. |
| ૬. | ૧૫ | હરેશકુમાર પરથીભાઇ કરેણ ત.ક.અધિ.શ્રીનો મૌખિક પુરાવો |

**દસ્તાવેજી પુરાવોઃ–**

| અનુ | આંક. | દસ્તાવેજનુ નામ |
|---|---|---|
| ૧. | ૦૯ | ફરિયાદ |
| ૨. | ૧૬ | રીપોર્ટ |

ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો પુર્ણ થયાનું જાહેર થતાં આરોપીઓનું ક્રિ.પો.કોડ ની કલમ–૩૧૩ તળેનું વધારાનુ નિવેદન લેતાં, પોતે નિર્દોષ હોવાનુ જણાવી બચાવના શાહેદ તપાસવા માંગતા નથી તેવું જણાવેલ.

(૪) ત્યારબાદ બંને પક્ષે વિગતવાર દલીલો સાંભળી. ફરિયાદપક્ષે સ્પે.પ્રોસીકયુટરશ્રીની દલીલો સાંભળી તેમજ આરોપી તરફે વિ.વ.શ્રીઓની દલીલો સાંભળી જે હવે પછી કારણોમાં ચર્ચા કરેલ હોઇ તેથી પુનરાવર્તન ન થાય તેથી તે અત્રે ચર્ચા કરેલ નથી.

(૫) ફરિયાદપક્ષના કેસની હકીકતો મુજબ હાલના કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ પુરવાર કરે છે કે, આરોપીઓએ ફરિયાદીને તા. ૦૪/૦૩/૧૫ ના રોજ તેમની સીજી રોડ ઉપર જય જવેલર્સ નામની દુકાન ઉપર હાજર હતા ત્યારે

આરોપીઓએ એકબીજાના મેળાપીપણાંથી અગાઉથી કાવત્રુ રચી કલાક ૧૪.૩૫ થી ૧૫.૦૦ દરમ્યાન ફરિયાદીના મોબાઇલ નંબર તથા જવેલર્સની દુકાનના લેન્ડ લાઇન નંબર ઉપર વારંવાર ફોન કરી ધંધો કરવા માટે ૫૦ લાખ રૂપિયાની ખંડણીની માંગણી કરી જો ખંડણીના નાણાં નહી આપવામાં આવેતો જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ફરિયાદી તથા શાહેદોને શારિરીક તથા માનસિક રીતે ભયમાં મુકી તેમ કરીને ભારતીય દંડ સંહિતાની કલમ-૩૮૭, ૫૦૭, ૧૨૦(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે.

(૧) નકારમાં
(૨) છેવટના હુકમ મુજબ.

**- :: કા ર ણો ::-**

(૭) આ કામે આરોપી ઉપર ભારતીય દંડ સંહિતાની કલમ-૩૮૭,૫૦૭,૧૨૦(બી) નો આક્ષેપ છે ત્યારે તે જોગવાઇઓ મહત્વની હોઇ તે નીચે મુજબ છે.

***કલમ-૩૮૩ બળજબરીથી કઢાવી લેવા બાબતઃ-***

*જે કોઇ વ્યકિત, ઇરાદાપુર્વક કોઇ બીજી વ્યકિતને તેને ખુદને અથવા બીજા કોઇને ઇજા કરવાના ભયમાં મુકીને એ રીતે ભય પામેલી વ્યકિતને કોઇ મિલકત અથવા કિંમતી જામીનગીરી અથવા કિંમતી જામીનગીરીમાં ફેરવી શકાય તેવી સહી કે સિક્કો કરેલી વસ્તુ, કોઇને આપી દેવા માટે બદદાનતથી દબાવે તે બળજબરીથી કઢાવી લેવાનો ગુનો કરે છે.*

***કલમ-૩૮૭ બળજબરીથી કઢાવી લેવા માટે કોઇ વ્યકિતને મૃત્યુ અથવા મહાવ્યથાના ભયમાં મુકવા બાબતઃ***

*જે કોઇ વ્યકિત, બળજબરીથી કઢાવી લેવા માટે બીજી કોઇ વ્યકિતને, તેના ખુદના અથવા બીજા કોઇના મૃત્યુ અથવા મહાવ્યથાના ભયમાં મુકે અથવા મુકવાની કોશિશ કરે તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.*

***કલમ-૫૦૭ નનામા પત્રથી ગુનાહિત ધમકીઃ***

*જે કોઇ વ્યકિત, નનામા પત્રથી અથવા ધમકી આપનારનું નામઠામ છુપાનીને, સાવચેતી રાખીને ગુનાહિત ધમકી આપે, તેને ઉપરની છેલ્લી કલમમાં તે ગુના માટે ઠરાવેલી શિક્ષા*

*ઉપરાંત બે વર્ષની મુદ્દત સુધી બેમાંથી કોઇ પ્રકારની કેદની સજા કરવામાં આવશે.*

આમ કાયદાની ઉપરોકત જોગવાઇ ધ્યાને લેતાં ધમકી આપનાર તેનું નામ ઠામ છુપાવીને કે સાવચેતી રાખીને ધમકી આપે છે જેથી કરીને તેની ઓળખ છતી ન થાય અને તેનો ગુનાહિત ઈરાદો–ઉદ્રેશપુર્ણ થાય.

*કલમ–૧૨૦ (બી) મુજબ ગુનાહિત કાવતરાની શિક્ષાની જોગવાઇ ધ્યાને લેતાં, જે કોઇ વ્યકિત મોતની, આજીવન કેદની અથવા બે કે તેથી વધુવર્ષ સુધીની સખ્ત કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવાના ઈરાદાથી ગુનાહિત કાવતરામાં સામેલ હોય તેને એવા કાવતરા માટેની શિક્ષાની આ અધિ.માં સ્પષ્ટ જોગવાઇ કરવામાં આવી ન હોય ત્યારે એવા ગુનામાં તેંમે દુષ્પ્રેરણ કર્યુ હોય એ રીતે શિક્ષા કરવામાં આવશે.*

*(૨) જે કોઇ વ્યકિત ઉપર જણાવ્યા મુજબ શિક્ષાપાત્ર ગુનો કરવા માટે ગુનાહિત કાવતરાં સિવાયની બીજા ગુનાહિત કાવતરામાં સામેલ હોય તેને છ મહિના સુધીની બેમાંથી કોઇ પ્રકારની અથવા દંડની અથવા બંને શિક્ષા કરવામાં આવશે.*

(૮) હવે આ કામે ફરિયાદપક્ષે આરોપી વિરૂધ્ધ તહોમત પુરવાર કરવા મુખ્યત્વે છ શાહેદોને તપાસેલ છે જેમાં આંક.૦૮ થી ફરિયાદી રમેશભાઇ જયંતિભાઇ કંસારા, આંક.૧૧થી જૈનિશ હર્ષદભાઇ , આંક.૧૨ થી દૈવિક રમેશભાઇ કંસારા , આંક.૧૩ થી કલ્પેશભાઇ રમણભાઇ સોની, આંક.૧૪ થી રૂષીકેશ શાંતિલાલને અને આંક.૧૫ થી હરેશકુમાર પરથીભાઇ કરેણ ત.ક.અધિ.શ્રીને તપાસેલ છે.

આ કામે હવે ફરિયાદીનો મુખ્યત્વે પુરાવો જોતાં,તા.૦૪/૦૩/૧૫ ના રોજ તેઓ તથા ઉપર જણાવેલ વ્યકિતઓધંધાના કામકાજમાં વ્યસ્ત હતા. ત્યારે બપોરના આશરે અઢી વાગ્યાના સુમારે તેમના મોબાઇલનં.૯૩૨૭૦૦૪૦૭૧ ઉપર મોબાઇલ ફોનનં.૯૭૨૦૬૮૫૭૦૯ ઉપરથી ફોન આવેલ અને ફોન કરનાર વ્યકિત હિંદીભાષામાં વાત કરતી હતી અને પોતાનુ નામ વિશાલ હોવાનું જણાવેલ અને તેણે તેમને ઓળખો છો તેવું પુછતાં મેં ના પાડેલી. ત્યારે તેણે મને જણાવેલ કે "હું એ વ્યકિત છું જેને પ્રકાશ સોની ઉપર ફાયરીંગ કરી તેનુ ખુન કરેલ તે છું." જેથી હું ગભરાઇ ગયેલ અને ફોન કાપી નાખેલ અને ત્યારબાદ આઠથી દસ વખત આ વ્યકિતએ મારા મોબાઇલ ઉપર ફોન કરેલ પરંતુ મે ફોન ઉપાડેલ નહી. મારી

દુકાનમાં લેન્ડ લાઇન ફોનનંબર છે જેનો નંબર-૨૬૫૦૦૧૩ છે. જે નંબર ઉપર પણ બપોરના ત્રણેક વાગ્યાના અરસામાં આ જ વ્યકિતનો ફોન અમારા લેન્ડ લાઇન નંબર ઉપર આવેલ હતો તે વખતે અમારા એકાઉન્ટનું કામ સંભાળતા મનોજભાઇ ત્યાં આવેલ હતા અને તેમણે ફોન ઉપાડેલ અને સામેથી ફોન કરનાર વ્યકિતએ જણાવેલ કે " હું વિશાલ સોની બોલુ છું તારા શેઠે શું વિચાર્યુ. પૈસા આપવાના છે કે પ્રકાશ સોનીની જેમ ગોળી ખાવી છે?" તેમ કહી જણાવેલ કે "જો તમારે જીવતા રહેવું હોયતો અને ધંધો કરવો હોયતો મને પ્રોટેકશન મની પેટે રૂ.પચાસ લાખ આપવા પડશે." આમ જણાવતા હુ આ ફોન હું સાંભળ્તો હોય મે જણાવેલ કે હાલ મારી પાસે સગવડ નથી તેમ જણાવી મે ફોન કાપી નાખેલ. ત્યારબાદ થોડા સમય પછી આજ નંબર ઉપરથી અમારા લેન્ડ લાઇન નંબર ઉપર ફોન આવતાં મે ફોન ઉપાડેલ તે વખતે ફોન કરનારે જણાવેલ કે" હું વિશાલનો ભાઇ અજય ગોસ્વીમી બોલુ છું. અમારી મોટી ગેંગ છે શું કરવા વિશાલનું મગજ ખરાબ કરો છૈ? જો શાંતિથી ધંધો કરવો હોયતો પ્રોટેકશન મની પેટે પૈસા આપવા પડશે નહીં તો તમારી ઉપર ગમે ત્યારે ફાયરીંગ કરીશું જાનથી મારી નાખવાની ધમકી આપી ગંદી ગાળો આપતા" મે ગભરાઇ ફોન મુકી દીધેલ.

આ શાહેદને જે ખંડણી અંગે ફોન આવેલ તે મુદ્દે આરોપી તરફેની ઉલટ તપાસ જોતાં, તે હકીકત સ્વીકારેલ છે કે, "એ વાત ખરી છે કે ફોન કરનાર વ્યકિતને મારે રૂબરૂમાં વાતચીત કરવાનો પ્રસંગ બનેલ નથી. એ વાત ખરી છે કે સરતપાસમાં જે બે નામ બતાવ્યા તે વ્યકિતઓને મારે કયારે મળવાનો પ્રસંગ બનેલ નથી. એ વાત ખરી છે કે વિશાલ કે અજય કોણ છે તેમને અવાજ ઉપરથી જોઇને ઓળખી શકું નહી."

(૮/૧) હવે આ કામે ફરિયાદપક્ષે આંક.૧૧ થી ફરિયાદીની દુકાનમાં નોકરી કરતાં જૈનિશ હર્ષદભાઇ જડીયાને તપાસેલ છે.આ શાહેદનો પુરાવો જોતાં, તા.૦૪ માર્ચ સને ૨૦૧૫ ના રોજ તેમના શેઠના મોબાઇલનં.૯૩૨૭૦૦૪૦૭૧ ઉપર ફોન આવેલ. કયા નંબરથી ફોન આવેલ તે અત્યારે યાદ નથી પરંતુ તેમના પોલીલ નિવેદનમાં લખાવેલ ફોન બપોરના ત્રણથી સાડાત્રણ વચ્ચે આવેલો અને સામેની વ્યકિત

એવું બોલતો હતો કે હું વિશાલ ગોસ્વામી બોલુ છું. અને મે પ્રકાશ સોનીનું ખુન કરેલ છે. આ સાંભળીને મારા શેઠે તુરંત જ ફોન કાપી નાખેલો. ફરીથી થોડીવાર પછી આઠ દસ વખત એક બે કલાક ફોન આવેલા. પછી મારા શેઠ ફોનના ઉપાડતા અમારી દુકાનના લેન્ડ લાઇન નં.૨૬૫૬૦૦૧૩ ઉપર ફોન આવેલો. બીજા કોઇ સ્ટાફે આ ફોન ઉપાડેલો. તે વ્યકિત ફોન ઉપર ગાળો બોલવા લાગેલો અને કહેતો હતો કે તમારે પણ આ પ્રકાશ સોની જેવું બધુ કરાવુ છે અને પચાસ લાખ રૂપિયા આપજો નહીંતર હું આવું બધુ કરી નાખીશ જેમ મે પ્રકાશ સોની ખુન કરી નાખ્યુ તેમ પૈસા નહી આપો તો તમારૂ ખુન કરી નાખીશ.પરંતુ અમોએ કોઇ એકશન લીધેલ નહી.ત્યારબાદ અમોને કોઇ ફોન આવેલ નહી કે અમોએ કોઇ પૈસા પણ આપેલા નહી.

જયારે આ શાહેદની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે," એવાત ખરી છે કે આ કામના ફરિયાદી મારા શેઠ થાય છે. ધમકી તા.૦૪/૦૩/૧૫ ના રોજ ના રોજ આપેલી. એવાત ખરી છે કે મને કોઇ ધમકી આપેલી નહી.એ વાત ખરી છે કે મારા શેઠને ધમકી આપેલી ત્યારે હું તેમની બાજુમાં હાજર ન હતો. મારા શેઠે મને વાત કરેલી કે ફોન આવેલ છે ત્યારે મને બનાવની જાણ થયેલી."

(૮/૨) હવે આ કામે ફરિયાદપક્ષે આંક.૧૨ થી ફરિયાદીના પુત્ર દૈવિક રમેશભાઇને તપાસેલ છે. આ શાહેદની સરતપાસ જોતાં અક્ષરઃક્ષ આંક.૧૧ ના શાહેદની જેવી આપેલ છે જયારે આ શાહેદે તે પછી ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે ફરિયાદી મારા પિતા થાય છે.ધમકી તા.૦૪/૦૩/૧૫ ના રોજ ના રોજ આપેલી. એવાત ખરી છે કે મને કોઇ ધમકી આપેલી નહી. એ વાત ખરી છે કે મારા પિતાને ધમકી આપેલી ત્યારે હું તેમની બાજુમાં હાજર ન હતો.મારા પપ્પાએ મને વાત કરેલી કે આવો ફોન આવેલો છે ત્યારે મને બનાવી જાણ થયેલી.

(૮/૩) હવે આ કામે ફરિયાદપક્ષે આંક.૧૩ થી ફરિયાદીની દુકાનમાં નોકરી કરતાં કલ્પેશભાઇ રમણભાઇ સોનીને તપાસેલ છે. આ શાહેદની સરતપાસ જોતાં બનાવ તા.૦૩/૦૪/૦૫ ના રોજ બનેલ તે વખતે હું દુકાન ઉપર હાજર હતો ત્યારે મારા શેઠ રમેશભાઇ ઉપર મોબાઇલનં.૯૩૨૭૦૦૪૦૭૧ ઉપર એવો ફોન આવેલ કે હું

વિશાલ ગોસ્વામી બોલુ છું. તે પછી મારા શેઠે મોબાઈલ ફોન કાપી નાખેલો ત્યાર પછી ફરીથી લેન્ડલાઈન નં.૨૬૫૬૦૦૧ ઉપર ફોન આવેલો જે ફોન એકાઉન્ટન્ટ મનોજભાઈએ ઉપાડેલો જે ફોનમાં વિશાલભાઈનો ભાઈ અજય બોલુ છું અને તેમને મનોજભાઈ પાસેથી રૂપિયા ૫૦ લાખની માંગણી કરી અને નહી આપેતો પ્રકાશભાઈ ને ગોળી મારી તેમ તને મારી નાખીશું તેવું જણાવેલ. આ અંગેની ફરિયાદ મારા શેઠે આપેલ.

જયારે આ શાહેદની આરોપી દ્વારા ઉલટતપાસ થતાં તે હકીકત સ્વીકારેલ છે કે, આ શાહેદને સવાલ કરવામાં આવેલ કે ફોન આવેલ ત્યારે તમે હાજર હતા? તે અંગે આ શાહેદે જણાવેલ કે હા, હું હાજર હતો તા.૦૩/૦૪/૧૫ ના રોજ મારા શેઠ રમેશભાઈના મોબાઈલ ઉપર ફોન આવેલો. અને મારા શેઠે ફોન કાપી નાખેલો. તે વાત ખરી છે કે અમારૂ નિવેદન લેવા પોલીસ અમારી દુકાને આવેલી. કયા પો.સ્ટે. ના માણસો હતા તે વાતની મને ખબર નથી.તે વાત ખરી છે કે,આ બનાવમાં શું બનેલો તેની મને કોઈ જાત માહિતી નથી.જયારે આરોપીનં.૨ દ્વારા ઉલટતપાસ કરતાં તે સ્વીકારેલ કે, તે વાત ખરી છે કે, ફોન ઉપર મારા શેઠને અને તે વ્યકિત વચ્ચે શું વાત થયેલી તેની મને ખબર નથી.તે વાત ખરી છે કે દુકાનના સમય દરમિયાન ધણી વ્યકિતઓના ફોન આવતા હોય તેથી મારા શેઠ અને તે વ્યકિત વચ્ચે શું વાત થાય તેની મને ખબર ન હોય. તે વાત ખરી છે કે મારા શેઠને બેસવા માટે દુકાનમાં અલગથી બેસવા ચેમ્બર છે.

(૮/૪) હવે આ કામે ફરિયાદપક્ષે આંક.૧૪ થી ફરિયાદીની દુકાનમાં નોકરી કરતાં રૂષીકેશ શાંતિલાલને તપાસેલ છે. આ શાહેદનો પુરાવો જોતાં,તા.૦૪/૦૩/૧૫ ના રોજ તેઓ દુકાન પર હાજર હતા ત્યારે બપોૅરે ૨.૩૫ થી ૨.૪૦ દરમ્યાન તેમના શેઠ રમેશભાઈના મોબાઈલનં.૯૩૨૭૦૦૪૦૭૧ ના ઉપર જે ફોન આવેલો તે નં. ૯૭૨૦૬૮૫૭૦૯ ઉપરથી આવેલો. જે પછી આ શાહેદે તેમના હાથ પર તે નંબર લખી લાવેલ હોઈ તે અંગે જયુડીશીયલ નોંધ લેવા આરોપી તરફે રજુઆત કરેલ જેથી તે અંગે નોંધેલ. હવે તે પછી આ શાહેદે તેમની સોંગદપરની જુબાનીમાં જણાવેલ કે, મે વિશાલ ગોસ્વામી બોલ રહા હું. અને પ્રોટેકશન મનીના ૫૦ લાખ રૂપિયા માંગેલ

અને ખંડણી ના આપુ તો પ્રકાશ સોની ઉપર ફાયરીંગ કરી મર્ડર કરેલ છે તેવું કરીશ, જેથી અમારા શેઠે ફોન કાપી દીધેલ. ત્યારબાદ અમારા લેન્ડ લાઇન નંબર. ૨૬૫૬૦૦૧૩ ઉપર આઠથી નવ વખત ફોન આવેલા જેમાં મનોજભાઇએ ફોન ઉપાડેલ. જેમાં ફોન કરનારે હું વિશાલ ગોસ્વામીનો ભાઇ અજય બોલુ છું. તમારે પ્રોટેકશન મની પેટે પચાલ લાખ આપવા પડશે. તેમ જણાવેલ નહી તો પ્રકાશ સોની જેવા હાલ થશે.

જયારે આ શાહેદે પણ તેમની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, "એ વાત ખરી છે કે, ફોન ઉપર કોઇપણ વ્યકિત કોઇપણ નામેથી ફોન કરી શકે છે. અને સામે વાત કરનાર કોણ બોલે છે તે આપણે ચોક્કસ કહી શકાય નહી. અમારા શેઠની દુકાન નવરંગપુરા પોલીસ સ્ટેશનની હદમાં આવે છે. એ વાાત ખરી છે કે હું નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં આ કામે જવાબ લખાવવા ગયેલો. પોલીસે મારો જવાબ અમારી દુકાને લીધેલો. એ વાત ખરી છે કે, હું બોલતો ગયેલો અને પોલીસ જવાબ હાથેથી લખતી ગયેલી.જયારે આરોપીનં.૨ તરફેની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે," એ વાત ખરી છે કે, આ કહેવાતા આવેલ ફોન આવ્યા બાદ રોજ બરોજ જે કામગીરી થતી હતી તે મુજબ ચાલતી હતી. એ વાત ખરી છે કે મારે અને અમારાં શેઠને બેસવાની જગ્યા જુદી જુદી હતી."

(૮/૫) હવે આ કામે ફરિયાદપક્ષે મહત્વના શાહેદ તપાસનીશ અધિકારી કે જેને ફરિયાદપક્ષે આંક.૧૫ થી હરેશકુમાર પરથીભાઇ કરેણને તપાસેલ છે જેમનો પુરાવો આ ગુનો દાખલ થતાં તેમણે શું કાર્યવાહી કરેલ તે અંગેનો છે. જયારે આ શાહેદની ઉલટતપાસમાં તે હકીકત સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે ફરિયાદી અને શાહેદ બંને બાપ દિકરો થાય છે. એ વાત ખરી છે કે મે તપાસ દરમ્યાન ફરિયાદીના પેઢીના નોકરી કરતાં ઇસમોના નિવેદન લીધેલ છે ત્રાહિત વ્યકિતનું નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે મે કહેવાતા ફોન અને લેન્ડ લાઇન ફોનની કોલ ડીટેઇલ કબ્જે લીધેલ નથી.

(૮/૬) હવે આ કામે ઉપરોકત પડેલા પુરાવાઓનું કાળજીપુર્વક મુલ્યાંકન કરતાં ફરિયાદપક્ષે આંક.૦૮ થી ફરિયાદી રમેશભાઇ જયંતિભાઇ અને આંક.૧૧ થી દૈવિક

રમેશભાઇને તપાસેલ છે.આ બંને શાહેદો તે પિતા–પુત્ર થાય છે એટલેકે સગા થાય છે અને બાકીના શાહેદો જેમાં જૈનીશ હર્ષદભાઇ જડીયા, કલ્પેશભાઇ રમણભાઇ સોની અને રૂષીકેશ શાંતિલાલ ધોળકીયાતે ફરિયાદીના નોકર છે જેથી કરીને ફરિયાદી અને શાહેદો વચ્ચે શેઠ–નોકરના સંબંધો હોઇ જેથી શેઠ નોકરપર આધિપત્ય ધરાવતા હોવાનું કહી શકાય પરંતુ તે જ કારણસર તેમનો પુરાવો ન માની શકાય તેવો કોઇ કાયદાનો નિયમ નથી પરંતુ જયારે શાહેદો સગા થતાં હોય ત્યારે તેમના પુરાવાઓનું કાળજીપુર્વક મુલ્યાંકન કરવુ પડે તેમ હું માનુ છું. હવે આ કામે ફરિયાદી અને શાહેદોના પુરાવામાં જે ફોન ઉપર વાતચીચ થયેલ અને જે ધમકી આપેલ તે ધમકીના શબ્દોમાં ફેર આવે છે એટલેકે પુરાવો અમુક અંશે વિરોધાભાસ આવેલ છે. હવે તેથી આગળ જઇ આ કામે ફરિયાદીનો પુરાવો જોતાં, આરોપી વિશાલે પ્રથમ ફોન ખંડણી માટે કરેલ તે ફરિયાદીના મોબાઇલ ફોન પર કરેલ તે પછી આરોપી અજયે ફોન કરેલ અને તે તેમના લેન્ડ લાઇન પર આવેલ જે તેમના એકાઉન્ટન્ટ મનોજભાઇએ ઉપાડેલ પરંતુ ફરિયાદપક્ષે આ મનોજભાઇ નામના શાહેદને તપાસેલ નથી અને તપાશનીશ અધિકારીએ ચાર્જશીટમાં શાહેદ તરીકે પણ બતાવેલ નથી. હવે તેથી આગળ જઇ ફરિયાદીના પુરાવાનું મુલ્યાંકન કરતાં આ કામના આરોપીએ ફરિયાદીને તા.૦૪/૦૩/૧૫ ના રોજ મોબાઇલ ફોન પર તે પછી લેન્ડલાઇન ઉપર ખંડણી માટે ફોન કરી ગુનાહીત ધમકીઓ આપી બળજબરીથી નાણાં કઢાવી લેવા સારૂ એટલે કે ખંડણી માંગેલાનો સ્પેશીફીક કેસ સાથે આવેલ છે જે અંગે ફરિયાદીએ પોતે હાલની ફરિયાદ તા.૨૫/૦૩/૧૫ ના રોજ આપેલ જયારે ફરિયાદી પાસેથી કહેવાતા બળજબરીથી નાણાં કઢાવી લેવાનો બનાવ તા.૦૪/૦૩/૨૦૧૫ ના રોજ બનેલ એટલેકે ફરિયાદ કર્યાના ૨૧ દિવસ પહેલા બનાવ બનેલો.હવે આ કામે ફરિયાદીએ આરોપીઓ વિરૂધ્ધ આ ફરિયાદ કરેલ છે તે સમયે આરોપીઓ અન્ય ગુનાના કામે કસ્ટડીમાં હતો તે પછી ફરિયાદ આપેલ છે. હવે આ કામે હાલના ફરિયાદીએ જે ૨૧ દિવસ વિલંબથી ફરિયાદ આપેલ છે તે અંગે પોતે ગભરાઇ ગયેલ અને ફોન કાપી નાખેલાનું જણાવેલ છે પરંતુ તે પછી આ ફોન ઉપરની ધમકીના કારણે તેમની દુકાન ખોલેલ ન હોય અને ભય

તળેના ઓથા તળે રહેલ હોય એટલેકે તેમની રોજબરોજની પ્રવૃતિ કરતાં અટકેલ હોય અને જે કૃત્ય ન કરવાનું હોય તેવું કરવાની ફરજ પડેલ હોય તેવી કોઇ હકિકત ફરિયાદપક્ષના પુરાવાથી બહાર આવતી નથી. આથી જે ખુલાસો કરેલ છે તે માનવાને પાત્ર રહેતો નથી તેમ હું માનુ છું.હવે તેથી આગળ જઇ ફરિયાદી જે ફોન પર નાણાં બળજબરીથી કઢાવી લેવાની ધમકી આપેલાની હકીકત જણાવેલ છે કે તે ફોન કરનાર વ્યકિત " વિશાલ" અને " અજય " નામની વ્યકિત હતી તે હકીકત માની લેવામાં આવેતો ત્યારે હવે આ કામે ઉપરોકત ઈપીકો કલમ–૫૦૭ વંચાણે લેતાં, ફોન કરનાર વ્યકિત પોતાની ઓળખ નામ ઠામ છુપાવીને કે સાવચેતી રાખીને ધમકી આપે છે જેથી કરીને તેની ઓળખ છતી ન થાય અને તેનો ગુનાહિત ઈરાદો–ઉદ્રેશપુર્ણ થાય. પરંતુ હાલના કેસમાં તો ફોન કરનાર વ્યકિતએ ફરિયાદીના કેસ મુજબ તેનું નામ જણાવેલ. આથી તે હકીકતો જોતાં, ખુદ ફરિયાદીના પુરાવાથી જ ઈપીકો કલમ–૫૦૭ ના તત્વો પરીપુર્ણ થતાં નથી. હવે ફરિયાદી જે કહે છે કે આ બળજબરીપુર્વક નાણાં કઢાવવા માટેનો ફોન " વિશાલ" અને "અજય" નો આવેલ તે અંગે જોતાં ફરિયાદીનો પુરાવો આત્મવિશ્વાસ જગાડે તેવો છે કે કેમ ? તે અંગે જોતાં, ફરિયાદી જે "વિશાલ" અને "અજય" નો ફોન આવેલાની હકીકત જણાવેલ છે તે અંગે ઉલટતપાસમાં તે હકીકત સ્વીકારેલ છે કે, " એ વાત ખરી છે કે સરતપાસમાં જે બે નામ બતાવ્યા તે વ્યકિતઓને મારે કયારેય મળવાનો પ્રસંગ બનેલ નથી. એ વાત ખરી છે કે,વિશાલ કે અજય કોણ છે તેમને અવાજ ઉપરથી કે જોઇને ઓળખી શકું નહી." આમ જયારે આ શાહેદ ફરિયાદી કે જે " વિશાલ ગોસ્વામી " કે "અજય ગોસ્વામી " ના અવાજથી પરિચીત જ નથી ત્યારે ખરેખર આ ફોન હાલના આરોપીએ જ બળજબરીપુર્વક ફરીયાદી પાસેથી નાણાં કઢાવી લેવા કરેલા ? તેવું ફરિયાદપક્ષે શંકાથી પર રહીને પુરવાર કરવું પડે તેમ હું માનુ છું. જે ફરિયાદપક્ષે પુરવાર કરેલ નથી.

હવે આ કામે ફરિયાદપક્ષના આંક.૧૧ ના શાહેદ જૈનિશ અને આંક.૧૨ ના શાહેદ દૈવિકનો પુરાવો જોતાં, બંનેનો એકજ જેવો છે. ત્યારે હવે આ કામે આ શાહેદોએ તેમની ઉલટતપાસમાં જે હકીકત સ્વીકારેલ છે તે જોતાં, બનાવ સમયે જે

કહેવાતી ધમકીનો ફોન આરોપીઓએ આપેલ તે સમયે તેમની બાજુમાં આ બંને શાહેદો ન હતાં પરંતુ તે પછી તેમને વાત કરેલી કે આવો ફોન આવેલો છે. ત્યારે આ બનાવની જાણ આ શાહેદોને થયેલી. આમ આરોપી તરફેની ઉલટતપાસમાં આ શાહેદોના પુરાવામાં જે હકીકત બહાર આવેલ છે તે પણ આ અદાલતે જોવાની રહે જે જોતાં, આ બંને શાહેદોનો પુરાવો તે હીયર્સ શાહેદોનો ગણાય અને આ બંને શાહેદોને ફોન આવ્યા પછી તેમને ફરિયાદીએ જાણ કરેલી. આમ જયારે ફરિયાદીના પુરાવાથી જ શંકા ઉત્પન્ન થતી હોય ત્યારે આંક.૧૧ ના શાહેદ જૈનીશ અને આંક. ૧૨ ના શાહેદ દૈવિકના શાહેદોના પુરાવા પર આધાર રાખી શકાય નહી. હવે આ કામે આંક.૧૩ ના શાહેદ કલ્પેશભાઇ રમણભાઇનો પુરાવો જોતાં, ફરિયાદીને આરોપીઓએ મોબાઇલ ફોન પર અને તે પછી લેન્ડલાઇન ફોન પર ધમકી આપી રૂ.૫૦ લાખની માંગણી કરેલી અને નહીં આપેતો પ્રકાશભાઇને ગોળી મારી તેમ તને મારી નાખીશું તેવી ધમકી આરોપીઓએ આપ્યાનુ જણાવેલ છે.જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં તેવું જણાવેલ છે કે ,આ બનાવમાં શું બનેલો તેની કોઇ જાત માહિતી નથી તેમજ તેમના શેઠને બેસવા માટે દુકાનમાં અલગથી ચેમ્બર છે. અને તે પછી જણાવેલ છે કે પોલીસે જે નિવેદન લીધેલ તે કોમ્પયુટર પર ટાઇપ કરેલ તે દિવસે પોલીસ તેમની સાથે કોમ્પયુટર કે બીજા ટાઇપના મશીન લાવેલ નહી. આમ હવે આ શાહેદે પોતે જે પોલીસમાં નિવેદન લખાવેલ તે કોમ્પયુટર પર લખાવેલ છે. હવે આ શાહેદના કથન મુજબ તેમના શેઠને બેસવા દુકાનમાં અલગથી ચેમ્બર છે ત્યારે આ શાહેદે તેમની ઉલટતપાસમાં સ્વીકારેલ તે મુજબ તેમને કોઇ જાત માહિતી નથી ત્યારે આ શાહેદના પુરાવા પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આથી સ્પે.પ્રોસીકયુટરની તે દલીલો ગ્રાહ્ય રાખી શકાય નથી કે શાહેદોના પુરાવામાં વિરોધાભાસ આવતો હોયતો તે ધ્યાને ન લેવો જોઇએ. હા, શાહેદોનો પુરાવામાં સામાન્ય વિરોધાભાસ આવી શકે.પરંતુ શાહેદોના પુરાવામાં વિરોધાભાસ આવે જે મુદ્દાની હહીકત(**Fact in issues**) કે જે રૂટને અસર કર્તા ન હોયતો તે ધ્યાને ન લઇ શકાય પરંતુ જયારે શાહેદ પોતે જ સ્વીકારતાં હોય કે તેમને જાત માહિતી નથી ત્યારે આ શાહેદ ફરિયાદપક્ષને ઉપયોગી થયેલ નથી તેમ

હું માનુ છું.

હવે તેથી આગળ જઇ ફરિયાદપક્ષના આંક.૧૪ ના શાહેદનો પુરાવો જોતાં, આ શાહેદે તેમના શેઠના મોબાઇલ ફોન ઉપર ૨.૩૫ થી ૨.૪૦ દરમ્યાન ફોન આવેલાની હકીકત જણાવેલ છે જે અંગે આ શાહેદે પોતે તેમના હાથમાં મોબાઇલ ફોન નંબર લખીને લઇ આવેલ જે જયુડીશીયલ નોંધ લેતાં આ શાહેદ તે ચોક્કસ પ્રકારે પુરાવો આપવા માંગતો હોય અગરતો તેની યાદદાસ્ત રહેતી ન હોય તેથી તેના હાથાં ટેલીફોન નંબરો લખીને લાવેલ હોય તેવું બની શકે. હવે આ શાહેદ જયારે તેના હાથમાં જે ટેલીફોનનંબર લખીને લાવેલ તે તેના શેઠના ત્યાં નોકરી કરતો હોયતો તેના શેઠને કયો ટેલીફોન નંબર હોય તે તેને જાણ હોય તેવુ બની શકે પરંતુ જયારે અદાલત પાસે આ શાહેદના પુરાવા અંગે બે મત પ્રવર્તે ત્યારે સેટલલો જોતાં, બે મતમાંથી જે મત આરોપીની તરફેણમાં હોય તે માનવો રહે એટલે કે આરોપીના વિ.વ.શ્રીની તે દલીલો સાથે હું સહમત થાવ છું કે આ શાહેદતે આરોપી વિરૂધ્ધ ચોક્કસ પુરાવો આપવાના ઈરાદે-કારણે જ તેના હાથમાં મોબાઇલ નંબર લખીને લાવેલ છે.આથી આ શાહેદ જે હકીકત જણાવેલ છે તે અંગે આ શાહેદના પુરાવાની વિશ્વસનીયતા જણાતી નથી તેમ હું માનુ છું. કારણ કે આ શાહેદે તેની ઉલટતપાસ માં સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે, ફોન ઉપર કોઇપણ વ્યકિત કોઇપણ નામેથી વાત કરી શકે છે. અને સામે વાત કરનાર કોણ બોલે છે તે આપણે ચોક્કસ કહી શકીએ નહી. અને તે પછી પોતે સ્વીકારેલ છે કે નવરંગપુરા પોલીસે જવાબ લીધેલ જે પોલીસે હાથે લખેલ. આમ હવે આ શાહેદના કથન મુજબ પોલીસે તેમનો જવાબ લીધેલ તે હાથે લખેલ હતો જયારે મારી સમક્ષના જે કેસપેપર્સ રેકર્ડના ભાગરૂપે રજૂ થયેલ છે તેમાં આ શાહેદનો જવાબ ધ્યાને લેતાં તે કોમ્પયુટરરાઇઝ છે અને તે ડીસીબી પો.સ્ટેશને લીધેલ છે. આથી પણ આ શાહેદ જે પોલીસે જવાબ લીધેલ તે કયો? તે અંગે ફરિયાદપક્ષે દલીલો થતાં સુધી કોઇ ફોડ઼ પાડેલ નથી. આથી આ શાહેદનો પુરાવો માની શકાય તેમ નથી. આમ ફરિયાદપક્ષના પુરાવામાં જ જયારે આરોપીઓએ ખરેખર બળજબરીપુર્વક કઢાવી લેવાં આ ફોન કરનાર વ્યકિંત હાલના આરોપીઓ જ હતા  તે અંગે ફરિયાદપક્ષે શંકાથી પર પુરવાર કરવું

પડે જે પુરવાર કરેલ નથી તેમ હું માનુ છું.

હવે આ કામે ફરિયાદપક્ષે ફરિયાદીએ ને આરોપીઓએ જે ફોન કરીને બળજબરીથી નાણાં કઢાવી લીધાની હકીકતની ફરિયાદ કરેલ જે આધારે આ કામના મહત્વના શાહેદ કે જે તપાશનીશ અધિકારી કહી શકાય કે જેને ફરિયાદપક્ષે આંક.૧૫ થી હરેશકુમાર પરથીભાઇ કરેણને તપાસેલ છે. હવે આ શાહેદના પુરાવાથી પણ આરોપીઓએ ફરિયાદીને કહેવાતા મોબાઇલ ફોન પરથી બળજબરીપુર્વક નાણાં કઢાવી લેવા ધમકી આપેલાનું જણાવેલ છે પરંતુ આ શાહેદની આરોપી દ્વારા ઉલટતપાસ થયેલ ત્યારે તેમાં જે હકીકત બહાર આવેલ તેમાં ફરિયાદીને જે નંબરો પરથી ફોન આવેલ તે મુદ્દે આ શાહેદે સ્વીકારેલ છે કે " એ વાત ખરી છે કે મે કહેવાતા ફોન અને લેન્ડ લાઇન ફોનની કોલ ડીટેઇલ કબ્જે લીધેલ નથી.આમ હવે જે ફોન અને લેન્ડલાઇનની કોલ ડીટેઇલ જ તપાશનીશ અધિકારીએ કબ્જે લીધેલ ન હોય ત્યારે તપાસનીશ અધિકારીની તપાસ ખામીપુર્વકની કહી શકાય અને કહેવાતાં ગુનામાં જયારે મોબાઇલ ફોનથી નાણાં બળજબરીપુર્વક કઢાવી લેવા ગુનાહિત ધમકી આપેલાના ગંભીર આક્ષેપો હોય ત્યારે તે મુદ્દે જ તપાસ ક્ષતિપુર્વકની હોય ત્યારે ફરિયાદપક્ષે જે કેસ લઇને આવેલ છે તે અંગે માની શકાય તેવો ફરિયાદપક્ષે પુરાવો રજુ થયેલ ન હોય ત્યારે પુરાવાના અભાવે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી તેમ હું માનુ છું. હવે આ કામે તપાસનીશ અધિકારીએ પોતે તે પછી કોલ ડીટેઇલ કબ્જે ન લેવાનું કારણ આપતા જણાવેલ કે બીએસએનએલના લેન્ડ લાઇન ફોન પર તે ઇન્કમીંગની ડીટેઇલ મળતી નથી.હા, તેવું બની શકે પરંતુ આરોપીએ જે ફોન કરેલ તે મોબાઇલ ફોન હતો તેવું ફરિયાદીની ફરિયાદમાં જ છે તો તે કોલ ડીટેઇલ પરથી પણ આરોપીનો રોલ બહાર આવી શકે આથી તપાશનીશ અધિકારીના આવા ખુલાસા વ્યાજબી નથી તેમ હું માનુ છું.

વધુમાં ફરિયાદપક્ષના આ શાહેદે આરોપીઓ વિરૂધ્ધ ઇપીકો કલમ–૧૨૦(બી)મુજબ ગુનાહિત કાવતરૂ ઘડીને ફરિયાદીને ફોન આપેલા સાથેનું ચાર્જશીટ કરેલ છે ત્યારે તે આક્ષેપો અંગે તપાશનીશ અધિકારીએ આ કાવતરૂ કઇ

જગ્યાએ ઘડાયેલ તે કાવતરાનો મુખ્ય કાવતરા ખોર કોણ હતો ? અને તે કઈરીતે તપાસમાં બહાર આવેલ તેવું પણ તપાશનીશ અધિકારીએ તેમની સોંગદપરની જુબાનીમાં જણાવેલ નથી જેથી કરીને આરોપીઓ ગુનાહિત કાવતરાના ભાગરૂપે બને એકજ વિષયવસ્તુને તેમનું દિમાગ ભેગુ મળીને કાવતરૂ રચેલાનું પુરવાર થતું નથી.આથી તપાશનીશ અધિકારીની તપાસમાં રહેલ ખામીઓનો લાભ પણ આરોપીને મળે તેમ હું માનું છું.

આમ ફરિયાદપક્ષે પડેલા તમામ પુરાવાઓની ઉપર ચર્ચા કર્યા પ્રમાણે ફરિયાદપક્ષે આરોપીઓ ઉપર જે તહોમત મુકેલ છે તે નિશંકપણે તહોમત પુરવાર કરવું પડે જે ફરિયાદપક્ષે પુરવાર કરેલ નથી. આથી વિશેષ ચર્ચા ન કરતાં મુદ્દાનં.૧ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૪૮ અન્યવે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૮૭ ,૫૦૭ ,૧૨૦(બી) મુજબના ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડ઼ી મુકવામાં આવે છે.

(૨) આરોપીઓ જેલમાં હોઇ અને જામીન રજુ થયેલ નથી જેથી હવે આરોપીઓને ક્રિ.પો.કોડની કલમ-૪૩૭(એ) મુજબ ઉચ્ચ અદાલતમાં અપીલ થાય તો હાજર રહેવાનો જાત મુચરકો આપવાનો રહેશે.

હુકમ આજરોજ તા.૧૫/૧૦/૨૦૧૮ ના રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**Date .15/10/2018**
**Place :AHMEADABAD**

**MR.UTTAMKUMAR NARAYANDAS SINDHI**
**GJ-00741**
**ADDL.CHIEF METROPOLITAN MAGI.**
**COURT NO.16,AHMEADABAD**